PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૧/કવા–૦૩/૧૮–૧૯/ 7253-7 તા. 5-1-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

સોલંકી નગાભાઈ કરસનભાઈ,

સોલંકી અરજણભાઈ કરસનભાઈ

ગામ જાનુડા, તાલુકો માળીયા હાટીના

જીલ્લો જુનાગઢ

pin code 36 22 45

મો: ૯૧૦ ૬૫૪ ૧૦૦૪,૯૧૦ ૬૬૬ ૭૪૪

**વિષય :–નવા ખેતીવાડી વીજ જોડાણ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. 05–૧૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૯૧/કવા–૦૩/૧૮–૧૯ )**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

**આપનો વિશ્વાસુ**

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

**બિડાણ : ઉપર મુજબ**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ,માંગરોલ**

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) **નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ**, પેટા વિભાગીય **કચેરી, ચોરવાડ**

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૯૧/કવા–૦૩/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૦૧–૦૧–૧૯ સ્થળ : પોરબંદર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: સોલંકી નગાભાઈ કરસનભાઈ ગામ: જાનુંડા

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે તેમના પુત્ર પ્રફુલભાઈ નગાભાઈ સોલંકી હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, ચોરવાડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી , માંગરોલ)

રજુઆત કરનાર :વી.જે.રાઠોડ – નાયબ ઈજનેર ટેક વિભાગીય કચેરી, માંગરોલ

## : હુકમ :

ફરીયાદ : નવા ખેતીવાડી વીજ જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર સોલંકી નગાભાઈ કરસનભાઈ ગામ:જાનુડા, તા.માળીયા હાટીના તેઓની અરજી ના નોંધણી નંબર :૯૧/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓનુ સુખપુર ગામે રે. સર્વે નંબર: ૧૬૦ પૈકી ૧ તથા ૨ થી સોલંકી નગાભાઈ કરસનભાઈ તથા સોલંકી અરજણભાઈ કરસનભાઈ બન્ને જાનુંડા ગામના રહેવાસી છે. તેઓએ સુખપુર ગામે ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી ની નોંધણી માહે સપ્ટેમ્બર–૧૩ મા કરાવેલ હતી, જે અનુસંધાને સબંધક ચોરવાડ પેટા વિભાગીય કચેરી દ્વારા ભાવપત્રક આપેલ – જે તેઓએ તા.૨૯–૦૧–૧૮ અને તા.૨૬–૦૩–૧૮ ના રોજ જરૂરી ભાવપત્રક ની રકમ તેમજ ટેસ્ટ રીપોર્ટ ની રકમ ભરપાઈ કરેલ – જે અન્વયે કોન્ટ્રાકટર દ્વારા સ્થળ પર ની કામગીરી કરવા માટે આવેલ ત્યારે બાજુના ખેતર ના માલીક દ્વારા મૌખિક વાંધો લઈને કામ અટકાવેલ હતુ. આમ, સદર બાબત – નાણા ભરપાઈ થવા છતા – આજની તારીખે વીજજોડાણ આપેલ નથી. સદર બાબતે સબંધક કચેરીમાં ટેલીફોન કર્યે છીએ – તો રીસીવ કરતા નથી – અથવા આજ કાલ આજ કાલ કાર્યવાહી કરવા માટે માણસો મોકલુ છુ – એમ કરે છે. આમ, ખોટા વાયદા કરીને – ખેડુત ને વીજજોડાણ મળે – તે અંગે ની કોઈ કાર્યવાહી સત્વરે કરાયેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી સોલંકી નગાભાઈ કરસનભાઈ – માંગરોળ વિભાગીય કચેરી નીચે આવતી ચોરવાડ પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર નીચે આવતા શ્રી નગા કરસન સોલંકી ગામ સુખપુર ખાતે સર્વે નં.૧૬૦/પૈકી ૨માં ખેતીવાડી વિષયક વીજ જોડાણની અરજી તા. ૨૮.૧૧.૨013 ના રોજ ચોરવાડ પેટા વિભાગીય કચેરીમાં કરેલ. જેનો એસપીએ સ્કીમમાં વારો આવતા શ્રી નગા કરશન સોલંકીને તા. ૦૪.૦૧.૨૦૧૮ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ.જે તા. ૨૯.૦૧.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ. ત્યારબાદ સદર કામગીરી કોન્ટ્રાક્ટર ભૂમિ એન્ટરપ્રાઇઝ સ્થળ પર કરવા જતા કામ કરવામાં જીણા દેવશી સોલંકી, લખમણ ગોવિંદ સોલંકી અને જેઠા ચીના વાળા દ્વારા વાંધો લેવામાં આવેલ. જેના અનુસંધાને તા. ૨૦.૦૪.૨૦૧૮ ના રોજ ચોરવાડ પેટા વિભાગીય કચેરીના અધિકારો દ્વારા અરજદારને સાથે રાખીને તેમના દ્વારા બતાવેલા તમામ રૂટની ખરાઈ કરતા સ્થળ પર હાજર |

| | |
|---|---|
| | પ્રતિનિધિ તેમજ અધિકારીઓ ની હાજરીમાં વાંધો પડેલ. ત્યારબાદ તા. ૨૫.૦૫.૨૦૧૮ ના રોજ સદર કેસ ડી.એમ. માં મુકવામાં આવેલ છે.જેના અનુસંધાને ડી.એમ.માં થી તા. ૦૭.૦૯.૨૦૧૮ ના રોજ જરૂરી સાધનિક કાગળો બાકી હોવાનું જણાવેલ. ત્યારબાદ જરૂરી સાધનિક કાગળો દરખાસ્ત સાથે ફરીથી ડી.એમ. માં તા. ૨૮.૦૮.૨૦૧૮ ના રોજ મોકલવામાં આવેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, સદર કેઈસ – એસ.ડી.એમ–જુનાગઢ ખાતે ન્યાયિક બાબતે પડતર હોય – તેમ છતા, સદર બાબતે પીજીવીસીએલ ને પક્ષકાર તરફથી – સદર પ્રશ્નનુ નિરાકરણ વહેલીતકે થાય તેમ – સક્ષમ અધિકારીને લેખીત પત્રથી રજુઆત કરવી, જેની નકલ અત્રે ના ફોરમ સમક્ષ રજુ કરવી.<br><br>નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર રહેલા કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબત્રે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અરજદાર ની સદર ફરીયાદ અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર,** "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત **વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક **હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**